# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 13-07-2025** **Midday : 2.30 TO 2.35**

**Day : Sunday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **મિત્તલ પટેલ** વાંચે છે.

---

## MANDVIYA GANDHINAGAR

કેન્દ્રીય રમત ગમત મંત્રી ડો. મનસુખ માંડવિયા આજે ગાંધીનગર ખાતે સન્ડેઝ ઓન સાઇકલ રેલીમાં જોડાયા. મહાત્મા મંદિરથી યોજાયેલી આ સાયકલ રેલીમાં શ્રી માંડવીયાએ ફિટ રહેવા સાયકલ ચલાવવા લોકોને અપીલ કરી હતી. તેમણે જણાવ્યું હતું કે સાયકલ ચલાવવાથી માનસિક આરોગ્ય પણ જળવાય છે.

(બાઇટ: મનસુખ માંડવિયા, કેન્દ્રીય મંત્રી)

આજે સમગ્ર દેશમાં 7 હજારથી વધુ સ્થળોએ સાયકલ રેલીનું આયોજન કરવામાં આવ્યું.

-------------

# GUJARAT RAIN

રાજ્યના 69 તાલુકામાં આજે વરસાદ નોંધાયો છે. જેમાં બનાસકાંઠાના દાંતામાં ત્રણ ઇંચથી વધુ વરસાદ પડ્યો છે. જ્યારે પાટણના સિદ્ધપુર , વલસાડ જિલ્લાના ધરમપુર અને કપરાડામાં એક ઈંચથી વધુ વરસાદ વરસ્યો છે. રાજ્યમાં અત્યાર સુધીમાં મોસમનો 49 ટકાથી વધુ વરસાદ નોંધાઈ ચૂક્યો છે. જળાશયોની સ્થિતિની વાત કરવામાં આવે તો રાજ્યના 40 જળાશય હાઇએલર્ટ પર છે જ્યારે 23 જળાશય એલર્ટ પર છે. ભારે વરસાદને કારણે રાજ્યમાં 42 જેટલા માર્ગ બંધ કરવામાં આવ્યા છે. આજે અરવલ્લી , મહીસાગરમાં અતિભારે વરસાદ અને બનાસકાંઠા, સાબરકાંઠા , પંચમહાલ, દાહોદ, ખેડા, આણંદ તેમજ અમરેલી અને ભાવનગરમાં ભારે વરસાદની આગાહી છે.

. . . . . . . . . . . . .

## SURENDRANAGAR KHANAN

સુરેન્દ્રનગર જિલ્લાના મુળી તાલુકાના ભેટ ગામ  અને થાનગઢના જામવાળી ગામેથી સફેદ  માટી અને કાર્બોસેલનું ગેરકાયદેસર ખનન  ઝડપાયું છે. ચોટીલાના નાયબ કલેકટર એચ.ટી. મકવાણાની ટીમે ખનીજ ચોરી અંગે દરોડા  પાડ્યા હતા. જેમાં એક હિટાચી મશીન, બે ટ્રેક્ટર, એક ડમ્પર અને 80 મેટ્રિક ટન કોલસો જપ્ત કરવામાં આવ્યો હતો. જ્યારે  થાનગઢ તાલુકાના જામવાળી ગામે ચાર ચરખી, 10 બકેટ તથા વિસ્ફોટક સામગ્રી ઝડપી પાડવામાં આવી હતી  કુલ એક  કરોડ 31 લાખ રૂપિયાથી વધુનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો.

-------------

# BRIDGE REPAIRING

રાજ્યમાં પુલ મરામતનું કાર્ય પૂરજોશમાં ચાલી રહ્યું છે.

અરવલ્લી જિલ્લા પંચાયત હસ્તકના 50 જેટલા બ્રિજનું નિરીક્ષણ કરવામાં આવ્યું જેમાંથી ઈસરીથી શામળાજી જતાં એક બ્રિજ બંધ કરવામાં આવ્યો છે

સુરેન્દ્રનગર જિલ્લામાં ધ્રાંગધ્રા-કુડા રોડ આવેલા કુડા ગામ નજીકના પુલ પર ભારે વાહનોની અવરજવર પર તાત્કાલિક અસરથી પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

સુરેન્દ્રનગર જિલ્લાના વિજાપુરના દેરોલ પાસેના સાબરમતી નદી પરના પુલ પર ભારે વાહનો માટે પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. ભારે વાહનો માટે ડાયવઝન અપાયું છે.વાહનચાલકોએ વિજાપુરથી મહુડી ચોકડીથી અનોડિયાથી પ્રાતિજ થઈને હિંમતનગર આવવું પડશે.

મહીસાગર જિલ્લાના મલેકપુર પાસે આવેલ તાંત્રોલી પૂલ પર ભારે વાહનો પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો..

ગીર સોમનાથ જિલ્લામાં ૨૦ માઇનોર તેમજ મેજર પુલોનું નીરિક્ષણ કરવામાં આવ્યું હતું. પુલોની સ્થિતિનો સર્વે કરાયા બાદ જરૂર જણાય ત્યાં સુધારાત્મક પગલાં લેવા અને જો અતિ જર્જરીત અવસ્થા જણાય તો પુલ પરથી વાહન વ્યવહાર બંધ કરાવવા માટે જરૂરી કાર્યવાહી કરવામાં આવી હતી.

-------------

# PATAN DEFENCE TRAINING

પાટણ જિલ્લામાં સિધ્ધપુર નર્સિંગ કોલેજ ખાતે હોમગાર્ડ અને NDRFના સહયોગથી, આપત્તિ વ્યવસ્થાપન તાલીમ કાર્યક્રમ યોજવામા આવ્યો , જેમાં સિધ્ધપુર તાલુકામાંથી આશરે ૪00 સ્વયંસેવકોએ ભાગ લીધો હતો. કાર્યક્રમનો મુખ્ય હેતુ સમાજને સુરક્ષિત અને સજ્જ બનાવવાનો હતો.

આ પ્રસંગે સ્વયંસેવકોને આપત્તિ નિવારણ , પ્રાથમિક સારવાર અને સુરક્ષા સંબંધિત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

---------

# KUTCHH ---ROAD REPAIRING

કચ્છ જિલ્લામાં ભારે વરસાદના લીધે ક્ષતિગ્રસ્ત થયેલા રસ્તાઓને રીપેર કરવાની કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે. દરમિયાન અબડાસા તાલુકામાં સતત વરસાદ બાદ વિંઝાણ ગામને જોડતો કોઝ વે બંધ કરવામાં આવ્યો હતો. પાણીના વહેણના લીધે રસ્તાને નુકસાન પણ થયું હતું. જોકે વહેતું વરસાદી પાણી બંધ થયા બાદ તેનું સમારકામ કરીને રસ્તા ઉપર વાહન વ્યવહાર પુન: શરૂ કરાયો છે.

માંડવી, મુન્દ્રા સહિતના તાલુકાઓના અંતરિયાળ માર્ગોનું સમારકામ શરૂ કરી દેવામાં આવ્યું છે. બે દિવસથી વરસાદમાં રાહતના લીધે હંગામી કામગીરી કરીને રસ્તાઓને જોડાઇ રહ્યા છે જેથી ગ્રામીણ વાહન વ્યવહાર ચાલુ થઇ

-------------

MULUBHAI DWARKA

કેબિનેટ મંત્રી મુળુભાઇ બેરાએ આજે દેવભૂમિ દ્વારકા જિલ્લાના ભાણવડ તાલુકામાં અંદાજે એક કરોડ 30 લાખથી વધુ રકમના વિકાસ પ્રકલ્પોનું લોકાર્પણ કર્યું. ભાણવડ તાલુકાના ઢેબર , રાણપર, રેટા કાલાવડ તથા સઈ દેવળિયા ખાતે નવનિર્મિત આયુષ્માન આરોગ્ય મંદિરનું લોકાર્પણ કર્યું હતું. આ પ્રસંગે શ્રી બેરાએ કહ્યું કે, ગ્રામ્ય વિસ્તારોમાં પ્રાથમિક સારવાર મળી રહે તે માટે રાજ્ય સરકાર સતત કાર્ય કરી રહી છે.રાજ્ય સરકાર દ્વારા આરોગ્યની સેવાઓ સુદ્રઢ બનાવવામાં આવી રહી છે સાથે સાથે આંતરમાળખું પણ આધુનિક કક્ષાનું બનાવવામાં આવી રહ્યું છે. વધુમાં તેમણે જણાવ્યું કે, અયોગ્ય આહાર શૈલીને પરિણામે નાગરિકોમાં રોગો તથા મેદસ્વિતાનું પ્રમાણ વધ્યું છે. ત્યારે રાજ્ય સરકારે નાગરિકોના આરોગ્યની ચિંતા કરીને મેદસ્વિતા મુક્ત ગુજરાત અભિયાન શરૂ કર્યું છે.

ઉલ્લેખનીય છે કે , લોકાર્પણ કરવામાં આવેલા આયુષ્માન આરોગ્ય મંદિરમાં 12 પ્રકારની સેવાઓ ઉપલબ્ધ થશે. જેમાં સગર્ભા , ધાત્રી માતાની તપાસ , બાળકો અને માતાનું રસીકરણ, કિશોર કિશોરીની સેવાઓ, વૃદ્ધ લોકોની સેવાઓ, આંખ, કાન, નાક ,ગળું સહિતની સારવાર આ આયુષ્માન આરોગ્ય મંદિર ખાતે ઉપલબ્ધ થશે.

-------------

# <u>સમાચારનાં અંતે</u>

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતાં. આ સમાચાર નું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

....................................

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)